# ગૂર્જરના આધારસ્તંભ રોહિત કોઠારીનું અવસાન

**અમદાવાદ:** અમદાવાદસ્થિત પ્રકાશન સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના આધારસ્તંભસમા રોહિત કોઠારીનું ૧૫મી જાન્યુઆરી, રવિવારે અમૃતસર (પંજાબ)માં બાવન વર્ષની વયે અવસાન થયું હતું.



રોહિત કોઠારી

ધર્મપત્ની નીતાબહેન તેમ જ બે દીકરા હરિત અને ધ્રુવ સાથે અમૃતસર - વાઘા બોર્ડરના પ્રવાસે ગયેલા રોહિતભાઈ પ્રકાશન વ્યવસાયની મહત્ત્વની એવી અક્ષર - મુદ્રણસંસ્કાર કામગીરી સાથે સંકળાયેલા હતા.

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય વિવેચક - ભાષાશાસ્ત્રી સદ્‌ગત જયંત કોઠારીના દીકરા હોવાની જાણીતી ઓળખ સાથે તેમની ઓછી જાણીતી ઓળખ એ કે તેમણે ઉપરોક્ત કામગીરીને ન્યાય આપવા ગુજરાત સરકારના માહિતી વિભાગની મોભાદાર નોકરીને થોડો સમય કામ કર્યા પછી તિલાંજલિ આપી હતી.

૧૫મી જુલાઈ, ૧૯૫૯ના રોજ જન્મેલા રોહિતભાઈના પરિવારમાં માતા મંગળાબહેન, બહેન દર્શના અને બે ભાઈ પીયૂષ અને નિખિલ છે. ચિક્કાર પ્રવાસો કરવાના - ફરીને આવ્યા પછી તેનો આનંદ વહેંચવાના તેમ જ પ્રવાસ દરમિયાન પુષ્કળ ફોટોગ્રાફી કરવાના શોખીન રોહિતભાઈએ ઝડપેલી કેટલીક તસવીરો સામયિકો - પુસ્તકોનાં ટાઇટલ પેજ પર સ્થાન પામી છે.

તેમની અંતિમયાત્રા ૧૭મી જાન્યુઆરી, મંગળવારે સવારે ૧૧ વાગ્યે તેમના નિવાસસ્થાને નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. *(જીટીએનએસ સંકલન)*

ગુજરાત ટાઈમ્સ, જાન્યુઆરી ૨૭, ૨૦૧૨ (Published from New York & Chicago)

Published by Binit Modi on facebook, earlier.